SHREE LOHANA MAHAPARISHAD

Pravin T. Kotak
President
▪ Umang H. Thakkar
Sr. Vice President
▪ Himanshu B. Thakkar
Secretary
▪ Piyush G. Gantha
Secretary

કિરીટ ભીમાણી
રાષ્ટ્રિય અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ

ભરત કોટક
ચેરમેન, સમિતિ સ્થાયી

ફેબ્રુઆરી ૨૪, ૨૦૧૬

**સ્નેહી શ્રી,**

*જય જલારામ.. જય લોહાણા પરિષદ...*

માનવીય પ્રવૃત્તિઓ પ્રાકૃતિક જળવાયુ વ્યવસ્થા પર પ્રચંડ અસર કરી તેમાં થતા અનિચ્છનિય પરિવર્તનનું કારણ બનેલ છે. જેથી વિશ્વના લોકોને એક તાંતણે જોડી, જળવાયુ પરિવર્તન એટલે કે ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃત કરવા તેમજ તેને અટકાવવા પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૦૭ થી પ્રતિ વર્ષ "અર્થ અવર" મનાવવામાં આવે છે. અર્થ અવર અંગે સંક્ષિપ્ત માહિતી આ સાથે સામેલ છે તેમજ વધુ માહિતી આપ www.earthhour.org પરથી મેળવી શકશો.

**શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ સાથે સંકળાયેલા તમામ લોકો "અર્થ અવર" જોડાશે. સાથોસાથ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ આપને લોહાણા સમાજના અન્ય લોકોને "અર્થ અવર" માં જોડાવા પ્રોત્સાહન આપવા અપીલ કરે છે.**

આ અભિયાનમાં જોડાવા શું કરવું

- "અર્થ અવર" દરમિયાન શું કરવું: ૧૯ માર્ચ ૨૦૧૬ ના રોજ રાત્રે ૦૮:૩૦ – ૦૯:૩૦ દરમિયાન વીજ વપરાશ બંધ કરવો અથવા અત્યંત જરૂરી હોય તેવા જ વીજ સાધનો ચાલુ રાખી અન્ય વીજ સાધનો બંધ કરી વીજ વપરાશ નહિવત કરવો
- આપ આ અભિયાનમાં જોડાવ સાથોસાથ આપના વિસ્તારના સ્થાનિક લોહાણા મહાજનોના માધ્યમથી તથા વ્યક્તિગત રીતે અન્ય લોકોને આ અભિયાનમાં જોડાવા પ્રોત્સાહિત કરો

**જે લોકો આ અભિયાનમાં જોડાય તેઓની વિગતો નામ, ગામ અને ફોન નંબર આપ મંગાવી તેની યાદી બનાવી પર્યાવરણ સમિતિને તા.૧૫-૦૩-૨૦૧૬ સુધીમાં મોકલાવવા વિનંતી છે. અલગ અલગ યાદીનું સંકલન કરી એક યાદી તૈયાર કરવામાં આવશે જે શ્રી લોહાણા મહાપરિષદ ને સોંપવામાં આવશે. પર્યાવરણ સમિતિ આ કાર્યક્રમને "અર્થ અવર" ના પોર્ટલ પર રજિસ્ટર કરાવશે જેની વિગતો આપ સુધી પહોંચતી કરવામાં આવશે. જેના માધ્યમથી પણ આપ આપના સંપર્કના લોકોને આ અભિયાનમાં જોડાવા પ્રોત્સાહિત કરી શકશો.**

આ અભિયાનને આપના તમામ સોશિઅલ મિડિયા નેટવર્ક પર, ઈમેઇલ દ્વારા, પ્રચાર પ્રસાર માધ્યમો વગેરે દ્વારા વેગવંતુ બનાવો તેવી અપીલ છે. આવો આપણે સૌ આપણા સમાજના તમામ લોકો સાથે આ વૈશ્વિક અભિયાનમાં જોડાઇને આપણી ધરતીનું જતન કરવામાં સહભાગી બનવાનું ગૌરવ લઈએ.

*જય રઘુવંશ..*

કિરીટ ભીમાણી
રાષ્ટ્રિય અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ

આલાપ પંડિત
રાષ્ટ્રિય મંત્રી, પર્યાવરણ સમિતિ

Iscon Mega Mall, Basement Parking, Near Exit Gate,
S. G. Highway, Satellite , Ahmedabad. Ph (079) - 4009 1005
jaymahaparishad@gmail.com www.lohanamahaparishad.org

SHREE LOHANA MAHAPARISHAD

Pravin T. Kotak President ▪ Umang H. Thakkar Sr. Vice President ▪ Himanshu B. Thakkar Secretary ▪ Piyush G. Gantha Secretary

# અર્થ અવર – ૨૦૧૬

(અલગ અલગ સંસ્થાઓ, મહાજનો, પ્રિંટ તથા ઈલેક્ટ્રોનિક મિડિયા વગેરેમાં માં પ્રચાર પ્રસાર માટે)

વિશ્વના લોકોને એક તાંતણે જોડી, જળવાયુ પરિવર્તન એટલે કે ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃત કરવા તેમજ તેને અટકાવવા પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૦૭ થી પ્રતિ વર્ષ "અર્થ અવર" મનાવવામાં આવે છે. અર્થ અવર અંગે આપ www.earthhour.org પરથી વધુ માહિતી મેળવી શકશો. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મહામંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી પીયુશભાઈ ગંઠા, પર્યાવરણ સમિતિના રાષ્ટ્રિય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણી, પર્યાવરણ સમિતિના કચ્છ ક્ષેત્રના ઉપાધ્યક્ષ શ્રી પી.ટી. ઠક્કર તથા લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ આપને તથા આપની સાથે સંકળાયેલા સર્વેને આ અભિયાનમાં જોડાવા અપીલ કરે છે. ૧૯ માર્ચ ૨૦૧૬ ના રોજ "અર્થ અવર – ૨૦૧૬" દરમિયાન રાત્રે ૦૮:૩૦ – ૦૯:૩૦ સુધી વીજ વપરાશ બંધ કરવો અથવા અત્યંત જરૂરી હોય તેવા જ વીજ સાધનો ચાલુ રાખી અન્ય વીજ સાધનો બંધ કરી વીજ વપરાશ નહિવત કરી સામુહિક પ્રયાસથી વાતાવરણમાં ઉત્સર્જિત થતા ગીન હાઉસ વાયુઓનું ઉત્સર્જન ઓછું કરીએ. આ અભિયાનમાં આપ જોડાવ છો તો નીચે આપેલ વ્યક્તિઓમાંથી કોઈનો પણ સંપર્ક કરી આપનું નામ, ગામ અને ફોન નંબર સહિતની વિગતો તા. ૧૫-૦૩-૨૦૧૬ સુધીમાં નોંધાવો. આ કાર્યક્રમને અર્થ અવર ના પોર્ટલમાં પણ રજીસ્ટર કરવામાં આવશે તેમજ આ અભિયાનમાં જોડાયેલ લોકોની યાદી સંકલિત કરી શ્રી લોહાણા મહાપરિષદને સોંપવામાં આવશે. આપ આ અભિયાનમાં જોડાવ સાથોસાથ આપ સાથે અન્ય લોકોને પણ આ અભિયાનમાં જોડાવા અપીલ કરો તેવી આપ સૌને વિનંતી છે. આવો સાથે મળીને આ ધરાને નવજીવન આપીએ...

| | |
|---|---|
| **કિરીટ ભીમાણી** | **આલાપ પંડિત** |
| રાષ્ટ્રિય અધ્યક્ષ, પર્યાવરણ સમિતિ | રાષ્ટ્રિય મંત્રી, પર્યાવરણ સમિતિ |

Iscon Mega Mall, Basement Parking, Near Exit Gate,
S. G. Highway, Satellite , Ahmedabad. Ph (079) - 4009 1005
jaymahaparishad@gmail.com www.lohanamahaparishad.org

Pravin T. Kotak President ▪ Umang H. Thakkar Sr. Vice President ▪ Himanshu B. Thakkar Secretary ▪ Piyush G. Gantha Secretary

# અર્થ અવર – ૨૦૧૬: સંક્ષિપ્ત પરિચય

નિરંતર પરિવર્તન એ પ્રાકૃતિક વ્યવસ્થાનો એક ભાગ છે. બ્રહ્માંડની વ્યવસ્થાને આધિન જળવાયુ (આબોહવા) પરિવર્તન એટલે કે ક્લાઈમેટ ચેન્જ પણ પ્રાકૃતિક વ્યવસ્થાનો એક ભાગ છે અને ભવિષ્યમાં પણ કાર્યરત રહેશે. વૈજ્ઞાનિક સંશોધનોના અંતે એ નિર્વિવાદ રીતે સિધ્ધ થયેલ છે કે માનવીય પ્રવૃત્તિઓ પ્રાકૃતિક જળવાયુ વ્યવસ્થા પર પ્રચંડ અસર કરી તેમાં થતા અનિચ્છનિય પરિવર્તનનું કારણ બનેલ છે. તેથી જળવાયુ પરિવર્તન આજે એક વૈશ્વિક સમસ્યા બની ગયેલ છે તેવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. ખાસ કરીને અંગારવાયુ તથા અન્ય 'ગ્રીન હાઉસ'વાયુઓ ખુબ જ મોટા પ્રમાણ ઉત્સર્જિત થવાથી ઉષ્ણતામાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉષ્ણતામાનના આ પરિવર્તનને કારણે તેના પર આધારિત જટીલ પ્રાકૃતિક વ્યવસ્થા પર મોટા પ્રમાણમાં અસર થઈ રહી છે જેની માનવ સમુદાય તથા અન્ય સજીવોના નિવસનતંત્રો અને તેમના અનુકુલન પર પણ વિપરિત અસર થઈ રહી છે.

આજનો માનવ સમાજ સાધન સુવિધા સભર જીવનશૈલી ની ઘેલછામાં એ ભુલી ગયો છે કે પ્રકૃતિના જે સંસાધનોનો ઉપયોગ કરીએ છીએ તે સમગ્ર જીવસૃષ્ટિ માટે એક જ છે. જેથી વિશ્વના લોકોને એક તાંતણે જોડી જળવાયુ પરિવર્તન એટલે કે ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃત કરવા તેમજ તેને અટકાવવા પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૦૭ માં પ્રથમ વખત "લાઇટ્સ ઓફ" તરીકે "અર્થ અવર" ની શરૂઆત કરવામાં આવી હતી. ત્યાર બાદ આ ઝુંબેશ માં ૭૦૦૦ થી વધુ શહેર અને ૧૭૬ દેશોના કરોડો લોકો જોડાયા છે અને જળવાયુ પરિવર્તન જેવી સમસ્યાને રોકવા એક દિવસ એક કલાક વીજળી વપરાશથી દુર રહી આ સમસ્યાને રોકવા પ્રયાસ કર્યાનું ગર્વ લે છે. અર્થ અવર અંગે આપ www.earthhour.org પરથી વધુ માહિતી મેળવી શકશો.

આ વર્ષે "અર્થ અવર" ૧૯ માર્ચ ૨૦૧૬ ના રોજ રાત્રે ૦૮:૩૦ - ૦૯:૩૦ કલાક દરમિયાન મનાવવામાં આવશે. શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ સાથે સંકળાયેલા તમામ લોકો આ અભિયાનમાં જોડાશે. સાથોસાથ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ આપને, આપણા સમાજના લોકોને તેમજ અન્યનો "અર્થ અવર"માં જોડાવા આપના માધ્યમથી અપીલ કરે છે.

આ અભિયાનમાં  જોડાવા શું કરવું

- "અર્થ અવર"દરમિયાન શું કરવું: ૧૯ માર્ચ ૨૦૧૬ ના રોજ રાત્રે ૦૮:૩૦ – ૦૯:૩૦ દરમિયાન વીજ વપરાશ બંધ કરવો અથવા અત્યંત જરૂરી હોય તેવા જ વીજ સાધનો ચાલુ રાખી અન્ય વીજ સાધનો બંધ કરી વીજ વપરાશ નહિવત કરવો
- આપ આ અભિયાનમાં જોડાવ સાથોસાથ આપના વિસ્તારના સ્થાનિક લોહાણા મહાજનોના  માધ્યમથી તથા વ્યક્તિગત રીતે અન્ય લોકોને આ અભિયાનમાં જોડાવા પ્રોત્સાહિત કરો

આ અભિયાનને આપના તમામ સોશિઅલ મિડિયા નેટવર્ક પર, ઈમેઇલ દ્વારા, પ્રચાર પ્રસાર માધ્યમો વગેરે દ્વારા વેગવંતુ બનાવો તેવી અપીલ છે. આવો આપણે સૌ આપણા સમાજના તમામ લોકો સાથે આ વૈશ્વિક અભિયાનમાં જોયાઇને આપણી ધરતીનું જતન કરવામાં સહભાગી બનીએ. આપણી આવતી પેઢીને એક સુરક્ષિત પ્રાકૃતિક વારસો આપીને આપણી આવનારી પેઢીઓનું ભવિષય સુરક્ષિત કરીએ...

Iscon Mega Mall, Basement Parking, Near Exit Gate,
S. G. Highway, Satellite , Ahmedabad. Ph (079) - 4009 1005
jaymahaparishad@gmail.com www.lohanamahaparishad.org